॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૬

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૩૦)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. અપ્પડિલેહણાએ **દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ દુપ્પમજ્જણાએ અઈક્કમે** વઈક્કમે

૨. સુક્કેણં **ઝાણેણં પડિક્કમામિ પંચહિં કિરિયાહિં કાઈયાએ** અહિગરણયાએ

૩. ભમલીએ **પિત્તમુચ્છાએ સુહુમેહિં અંગ સંચાલેહિં સુહુમેહિં** ખેલ

૪. પાવયણં **સચ્ચં અણુત્તરં કેવલિયં પડિપુન્નં** નેઆઉયં

૫. મિત્તી મે **સવ્વભૂએસુ વેર મજ્ઝં ન કેણઈ** એવં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે? (૬)**

૧. અપરિસુદ્ધં **અશુદ્ધ ભિક્ષા** **બીજા શ્રમણસૂત્રમાં**

૨. પરિભોગ વિહિં **વારંવાર ભોગવાય તેવી** **સાતમા વ્રતમાં**

૩. આઉલમાઉલાએ **આકુળવ્યાકુળતાથી** **પહેલા શ્રમણસૂત્રમાં**

૪. ઉત્તિંગ **કીડિયારા વગેરે જીવોના દર** **સામાયિકના ત્રીજા પાઠમાં**

૫. ચાઉક્કાલં **ચાર કાળ** **ત્રીજા શ્રમણસૂત્રમાં**

૬. પરિયટ્ટણાએ **સૂતા (૨) વગર પૂંજ્યે પડખાં ફેરવવાથી** **પહેલા શ્રમણસૂત્રમાં**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૪)**

૧. શય્યા સંબંધી કચકચ કરવાથી **કક્કરાઈએ** ૨. જીવ રહિત–અચિત્ત **ફાસુય**

૩. પાત્ર અને વસ્ત્ર આદિ ઉપધિની **ભંડોવગરણસ્સ** ૪. પરઠેલ ન હોય **ન પરિટ્ઠવિયં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. સાધકે પ્રતિલેખન કેટલીવાર કરવાનું હોય? **દિવસના પહેલા અને ચોથા પ્રહરે એમ બે વાર કરવાનું હોય.**

૨. બલિ કોને કહે છે? **દેવતા વગેરે માટે પૂજા અર્થે તૈયાર કરેલું ભોજન બલિ છે.**

૩. આગમમાં શ્રાવક માટે કયો શબ્દ આપેલો છે? એક શબ્દમાં જવાબ આપો. **શ્રમણ.**

૪. પુરઃકર્મ એટલે શુ? **સાધુને આહાર વહોરાવતા પહેલાં સચેત પાણીથી, હાથ કે વાસણ ધોવાથી લાગતા દોષ.**

૫. સંથારા સહિતનું પંડિત મરણ કયા જીવોને હોય છે? બે શબ્દમાં લખો. **સાધુ, શ્રાવક**

૬. પ્રથમ શ્રમણસૂત્ર શેનાથી નિવૃત્ત થવાનું છે? **નિદ્રા દોષથી નિવર્તવાનું.**

૭. પ્રતિલેખન અને પ્રમાર્જન વચ્ચેનો એક તફાવત લખો. **પ્રતિલેખન એટલે જોવું, પ્રમાર્જન એટલે પોંજવું.**

૮. ઔષધ કોને કહેવાય? **સૂંઠ, હળદર, આંબળા, હરડે, લવિંગ વગેરે એકેક દ્રવ્ય.**

૯. પરઉથાપના એટલે શું? **બીજાને તોડી પાડવાથી.**

૧૦. સ્વપ્નમાં દોષ લાગે તે કયા શબ્દથી બતાવવામાં આવ્યું છે? એક શબ્દમાં લખો. **સોવણવત્તિયાએ**

(૫૦)

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) આગાર ધર્મનું સ્વરૂપ અને દુર્લભતાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૭)**

૧. આત્માના દર્શન કોણ કરાવે? એક શબ્દમાં લખો. **આગમ.**

૨. ભગવાને ભગવતીમાં કયા શ્રાવકના વખાણ કર્યા છે? **તુંગીયા નગરી, શંખ, મંડૂક.**

૩. શ્રાવકધર્મનું બીજું નામ શું છે? બે શબ્દમાં લખો. **દેશવિરતિ, સંયમાસંયમ.**

૪. કયા તિર્યંચ શ્રાવક બની શકે? **અઢીદ્વીપની અંદરના અને અઢીદ્વીપની બહારના.**

૫. શ્રાવકના શ્રાવકપણાનું મહત્ત્વ શું છે? **શ્રાવક માટે એક આખું અલગ આગમ ગૂંથન.**

૬. આત્માનો ધર્મ શું છે? **સમતા.**

૭. આ પાઠમાં આવતા અંગ સૂત્રના નામ લખો. **ઉપાસકદશાંગ, ભગવતી, સુખવિપાક, પ્રશ્ન વ્યાકરણ.**

**(આ) નવ તત્ત્વના આધારે (૩૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. નરકની નીચે વાયુકાય હોય? હોય તો કયો વાયરો હોય તે અર્થ સાથે લખો. ન હોય તો બીજું શું હોય?

**હા. ઘનવાત : વધુ ઘનતાવાળો ભારે વાયુ, જેમ રસોડામાં વપરાતા ગેસના બાટલાનો ગેસ.**

**તનવાત : ઓછી ઘનતાવાળો હલકો વાયુ, જેમ ગેસના ફુગ્ગાની હવા.**

૨. ૨૨ પરિષહમાં પ્રતિક્રમણમાં આવતા નામ લખો.

**૧) ક્ષુધાનો ૨) તૃષાનો ૩) શીતનો ૪) ઉષ્ણનો ૫) દંસમસગનો ૬) રોગ ૭) અજ્ઞાન.**

૩. આશ્રવ તત્ત્વને જાણીને શું કરવાનું છે? (બે મુદ્દા)

**૧) મિથ્યાત્વ આદિ ભાવ કરવાથી આત્માને કર્મની આવક થાય છે તેવી શ્રદ્ધા કરવી. ૨) કર્મબંધના કારણ ભૂત ૨૫ ક્રિયાઓને જાણી બચવા જાગૃત બનવું. ૩) લાચારીથી  આશ્રવના કાર્ય કરવા પડે તો પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કરવા.**

૪. ત્રંસ સંસ્થાનમાં કેટલા અને કયા કયા ભેદ લાભે? વિસ્તારથી લખો.

**ત્રંસ સંસ્થાનમાં ૨૦ ભેદ લાભે. ૫ વર્ણ–કાળો, નીલો, રાતો, પીળો, ધોળો. ૨ ગંધ–સુરભિ ગંધ, દુરભિ ગંધ. ૫ રસ–તીખો, કડવો, કષાયેલો, ખાટો, મીઠો. ૮ સ્પર્શ–ખરખરો, સુંવાળો, ભારે, સુંવાળો, ટાઢો, ઊનો, ચોપડ્યો, લૂખો.**

૫. પ્રદેશ બંધ એટલે શું? લાડવાના દષ્ટાંતે સમજાવો.

**કર્મ પુદ્ગલના પ્રદેશ, દળ. તે જ લાડવો અલ્પ દળથી થયો હોય, તો કોઇ લાડવો બહુ દળથી (વધારે કણ) થયો હોય અને કોઇ બહુતર દળથી (અતિ વધારે કણ) થયો હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૧૦)**

૧. અષ્ટ પ્રવચનમાં કોનો સમાવેશ થાય છે? **સમિતિ, ગુપ્તિ**

૨. પુણ્યના ઉદયે શું મળે છે? **સારા સંયોગો, અનુકૂળતા**

૩. મોક્ષના કયા ભેદમાં બીજા ભેદ આવી જાય છે? **તીર્થ સિદ્ધા, અતીર્થ સિદ્ધા**

૪. કાયકલેશ તપમાં કયા કષ્ટ સહન કરવાના છે? **તપ, લોચ**

૫. અશુભ રસ કયા છે? **તીખો, કડવો**

૬. નરકના આંતરામાં કયા દેવો રહે છે? **ભવનપતિ, પરમાધામી**

૭. નિર્જરાના પ્રકાર લખો. **દ્રવ્ય નિર્જરા, ભાવ નિર્જરા અથવા અકામ નિર્જરા, સકામ નિર્જરા**

૮. પાપતત્ત્વમાં મોહનીય કર્મની કઈ પ્રકૃતિ લીધી નથી? **સમકિત મોહનીય, મિશ્ર મોહનીય**

૯. બાર ભાવનામાં કયા ચક્રવર્તીના ઉદાહરણ લીધા છે? **ભરત, સનતકુમાર**

૧૦. ધર્મ કેવા વ્યક્તિના હૃદયમાં ટકે છે? **સંતોષી, સરળ**

**(૩) વ્યાખ્યા લખો. (૫)**

૧. સ્વયંબુદ્ધ સિદ્ધા : **ગુરુના ઉપદેશ વિના પોતાની મેળે જાતિસ્મરણ આદિ જ્ઞાનથી પ્રતિબોધ પામી મોક્ષે**

**જાય તે કપિલ આદિ.**

૨. સાદિ સંસ્થાન : **પગથી કેડ સુધી શોભાયમાન શરીર.**

૩. વિનય : **આઠ કર્મનો વિનાશ જેનાથી થાય છે.**

૪. કર્મભૂમિ : **અસિ, મસિ, કૃષિ એ ત્રણ પ્રકારના વેપારે કરી જીવે તે.**

૫. વ્યવહાર નયે જીવ : **જે શુભાશુભ કર્મોનો કર્તા, હર્તા તથા ભોક્તા છે.**

**(૪) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. લૂખા સ્પર્શમાં કયા સ્પર્શ ન હોય? (ભારે, ગરમ, **ચોપડ્યો**)

૨. જંબૂદ્વીપમાં કર્મભૂમિમાં જીવના ભેદ કેટલા? (૯, ૩, ૩૬)

૩. ભવનપતિમાં કયા ભેદ ન આવે? (રૂદ્ર, વૈરુદ્ર, **મહોરગ**)

૪. ધૂમ્રપ્રભામાં આંતરા કેટલા હોય છે? (૪, ૨, ૬)

૫. વિગય કયા નથી? (ઘી, સાકર, **મીઠાઈ**)

**(૫) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. ચૂલહિમવંત પર્વત ઈરવત ક્ષેત્રમાં છે. **ખોટું. ચૂલહિમવંત પર્વત ભરત ક્ષેત્રમાં છે./શિખરી પર્વત ઈરવતમાં.**

૨. આપણને નાભિની નીચેનો ભાગ મળવો તે પાપનો ઉદય છે. **સાચું.**

૩. શાકભાજીને હાથ લગાડવાથી પુટ્ઠિયા ક્રિયા લાગે. **સાચું.**

૪. વિસ્તારે કાળના ૯ ભેદ છે. **ખોટું વિસ્તારે કાળના ૬ ભેદ છે.**

૫. વનસ્પતિથી સિદ્ધના જીવ અનંતગુણા છે. **ખોટું. વનસ્પતિ સિદ્ધના જીવથી અનંતગુણ છે.**

**(ઇ) ૩૨ આગમ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો. (૮)**

૧. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ...... અને ...... નું વર્ણન છે. **પાંચ આશ્રવ, પાંચ સંવર**

૨. ભગવતી સૂત્ર ...... અને ઉત્તરાધ્યયન સૂત્ર ...... છે. **અંગ, મૂળ**

૩. કાલિક સૂત્ર ....... અને ઉત્કાલિક સૂત્ર ...... છે. **૨૩, ૮**

૪. ઉપાસકદશાંગ સૂત્રમાં ......, ...... આદિ શ્રાવકોનું વર્ણન છે. **આનંદ, કામદેવ**

૫. નિશીથ સૂત્રમાં ......, ...... ના પ્રાયશ્ચિત્ત સંબંધી વર્ણન છે. **સાધુ, સાધ્વી**

૬. અંગ સૂત્ર ...... અને ...... ની અપેક્ષાએ જેમ છે તેમ રહે છે. **અર્થ, ક્રમ**

૭. આગમ દ્વારા ......., ...... આદિ છ દ્રવ્યનું જ્ઞાન થાય છે. **જીવ, અજીવ**

૮. રાયપસેણીય સૂત્રમાં ...... રાજા અને ...... શ્રમણનો અધિકાર છે. **પરદેશી, કેશીકુમાર**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. દશાર્ણભદ્ર રાજાએ શેની આરાધના કરી? **સંયમ, તપ**

૨. મનુષ્યને શું અમર બનાવે છે? **જીવદયા, નિષ્કામ સેવા**

૩. દશાર્ણભદ્ર રાજા શેનાથી ઉભરાઈ ગયો હતો? **ગર્વ, અભિમાન**

૪. મૃગાપુત્ર દારકનું આયુષ્ય કેટલું હતું? તે મરીને ક્યાં ગયો? **૨૬ વર્ષ, પ્રથમ નરક**

૫. ગૌતમ સ્વામીએ મૃગાપુત્રને કેવા દીધા? **જન્માંધ, મૂંગા**

૬. ધારિણી રાણી કેવા હતા? **ધર્મપરાયણ, સુશીલ**

૭. મેઘકુમારના પૂર્વભવમાં શું નામ હતા? **મેરૂપ્રભ, સુમેરૂપ્રભ**

૮. વિજય વર્ધમાન ખેડ શેની વચ્ચે હતું? **નદી, પર્વત**

૯. મનુષ્યએ શેનું અભિમાન ન કરવું જોઈએ? **શક્તિ, પૈસા**

૧૦. મેઘમુનિએ પહેલી રાત્રિ શેનાથી પીડિત થઈને પસાર કરી? **આર્તધ્યાન, દુઃખ**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ય : **સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા, દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ ।**

**સ્તોત્રૈ ર્જગત્રિતય ચિત્ત હરૈઃ રૂદારૈઃ, સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં** જિનેન્દ્રમ્ ॥

૨. ત્વત્ **સંસ્તવેન ભવ સંતતિ સન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીર ભાજામ્ ।**

**આક્રાન્ત લોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુ ભિન્નમિવ શાર્વર** મન્ધકારમ્ ॥

૩. ચોવીસે **જિનની, સર્વ સાધ્વી સાર, અડતાલીસ લાખ ને આઠસે સિત્તેર હજાર.**

**ચેડાની પુત્રી, રાખી ધર્મશું પ્રીત, રાજેમતી વિજયા મૃગાવતી** સુવિનીત.

૪. ધન્નો **ને શાલિભદ્ર, મુનીશ્વરોની જોડ, નારીના બંધન તત્ક્ષણ નાંખ્યા તોડ**

**ઘર કુટુંબ કબીલો, ધન કંચનની કોડ, માસ માસખમણ તપ, ટાળશે ભવની** ખોડ.

**૫. આંકડામાં લખો.**

૧) ૨૪ ભગવાનના સાધુઓ **૨૮૪૮૦૦૦** ૨) ખંધક ઋષિના શિષ્ય **૫૦૦**

૩) શ્રેણિકના પૌત્ર **૧૦** ૪) ભગવાન ઋષભદેવની પુત્રી **૨**

**જય – જિનેન્દ્ર**

❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**